BRAMPTON Service and Information Update

# જાન્યુઆરી 27 થી, બ્રેમ્પટનની આઉટડોર સ્કેટિંગ રિંક્સમાં માસ્ક્સ પહેરવા અનિવાર્ય બન્યા

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જાન્યુઆરી 27, 2021) – જાન્યુઆરી 27 નાં રોજ, બ્રેમ્પટન સીટી કાઉન્સિલે જાન્યુઆરી 27 થી અમલી, બ્રેમ્પટનની આઉટડોર સ્કેટિંગ રિંક્સમાં માસ્ક્સ અનિવાર્યપણે પહેરવાનો પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર કર્યો.

શહેરની બધી આઠ આઉટડોર રિંક્સમાં દસ વર્ષથી વધારે ઉંમરના બધાં સહભાગીઓએ બરફ પર નોન-મેડિકલ માસ્ક્સ કે ફેસ કવરિંગ્સ પહેરવું હવે અનિવાર્ય બન્યું છે.

બધી ઉંમરના સહભાગીઓએ આઉટડોર સ્કેટિંગ એન્ક્લોઝરના અન્ય બધાં વિસ્તારોમાં નોન-મેડિકલ માસ્ક કે ફેસ કવરિંગ પહેરવાનું ચાલુ રાખવું અનિવાર્ય છે. આમાં લાઈનમાં રાહ જોતી વખતે, સ્ટેજીંગ વિસ્તારોમાં, અને બધાં સામાન્ય વિસ્તારોનો સમાવેશ થાય છે.

સામુદાયિક આરોગ્ય અને સુરક્ષા સીટીની મુખ્ય અગ્રતા છે, ખાસ કરીને COVID-19 દરમિયાન. રિંકના સ્થળો, સ્થિતિ, બુકિંગ અને વધુ માહિતી માટે કૃપા કરી વેબસાઈટ જુઓ, www.brampton.ca/outdoorskating.

**આરક્ષણો (રિઝર્વેશન્સ)**

રવિવાર, જાન્યુઆરી 24 થી અમલી, પસંદ કરેલા સમયના માત્ર 24 કલાક અગાઉ આઉટડોર સ્કેટિંગ આરક્ષિત કરી શકાય છે. આરક્ષણો માટે વેબસાઈટ www.brampton.ca/outdoorskating જુઓ અથવા 905.791.2240 નંબર પર કૉલ કરો.

ઊંચી માંગ અને સીમિત ક્ષમતાને લીધે, રહેવાસીઓને દિવસ દીઠ એક આઉટડોર સ્કેટિંગ આરક્ષણની પરવાનગી આપવામાં આવે છે. આ સમગ્ર સમુદાય માટે આઉટડોર સ્કેટિંગની સમાન પહોંચની ખાતરી કરાવવા માટે છે.

**રદકરણ (કેન્સલેશન્સ)**

કૃપા કરી હવે પછી તમને જરૂર ના હોય તેવા કોઈપણ આરક્ષણો રદ કરશો જેથી અન્ય રહેવાસીઓને સમય બુક કરાવવાની તક મળવાની ખાતરી કરી શકાય. તમારું આરક્ષણ રદ કરવા, 905.791.2240 નંબર પર કૉલ કરો અથવા recconnects@brampton.ca ને ઈમેઈલ મોકલો.

-30-

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca